205-206, Aadarsh Plaza,
Opp.Gujarat Gas Office,
Near Raiya Telephone Ex.,
150 Feet Ring Road.
Rajkot - 360 005

**Mobile : 94272 62427 / 90999 64269**

e: argodhani.advocate@gmail.com

**Amit R. Godhani**
Advocate ( Gujarat High court )

(ગુજરાત બાર કાઉન્સીલ એનરોલમેન્ટ નં. જી/૧૨૫૫/૨૦૦૮)

## :: <u>ટાઈટલ રીપોર્ટ</u> ::

**પ્રતી,**

**મે. નંદ ઈન્ફ્રા ભાગીદારી પેઢી,**

ઠે. ૭૧૬–૭૧૭, નક્ષત્ર–૮, સાધુવાસવાણી રોડ,
સન સીટી એપાર્ટમેન્ટની સામે,
રાજકોટ

**<u>બાબત :–</u> <u>સ્થાવર મિલ્કતના ટાઈટલ સંબધે અભિપ્રાય</u>**

મહોદયશ્રી,

આપના તરફથી **મે. નંદ ઈન્ફ્રા**ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર તથા અધિકૃત વહિવટકર્તા દરજ્જે **શ્રી નિલેશભાઈ મગનભાઈ ઝાલાવડીયા**, હિન્દુ, ઉ.વ.પુખ્ત, ધંધો : વેપાર, ઠે. ૭૧૬–૭૧૭, નક્ષત્ર–૮, સાધુવાસવાણી રોડ, સન સીટી એપાર્ટમેન્ટની સામે, રાજકોટના નામની મિલ્કતના ટાઈટલ ડીડઝની ફાઈલ અમોને અમારા અભિપ્રાય અર્થે મોકલવામાં આવેલ છે, જે ફાઈલમાં સામેલ દસ્તાવેજો તપાસતા સદરહું મિલ્કત સંબંધેનો અમારો અભિપ્રાય નીચે મુજબ આપવામાં આવે છે.

**<u>સ્થાવર મિલ્કતનું વર્ણનઃ–</u>**

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજેગામ રૈયાના રેવન્યુ **સર્વે નં. ૬૫/૨ (૬૫/૨ટી૪એફ૭૩૪પૈકી૧), ટી.પી.સ્કીમ નં.૪(રૈયા), એફ.પી.નં.૭૩૪** (સીંગલ યુનીટ)ની જમીન ચો.મી.આ. ૨૩૪૧–૦૦ ના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરી વાળા **નેટ પ્લોટ એરીયાની જમીન ચો.મી.આ.૨૧૦૬–૭૦** તથા તેને લાગુ કોમન પ્લોટની જમીન ચો.મી.આ.૨૩૪–૩૦ ના બીનખેતી હુકમમાં જણાવેલ શરતો મુજબ મળવાપાત્ર હકકો તથા અધિકારો સહિતની જમીન ઉપર બાંધવામાં આવેલ **'નંદ આંગન'** તરીકે ઓળખાતી રહેણાંક તેમજ વાણીજય હેતુમાટેની લોરાઈઝ બહુમાળી ઈમારત અંગે.

સદરહુ મિલ્કતની ચર્તુસીમા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ઉતરે | : | માર્જીન બાદ લાગુ એફ.પી. નં. ૭૩૩ ની મિલ્કત આવેલ છે. |
| દક્ષીણે | : | માર્જીન બાદ ૧૨–૦૦ મી. નો રોડ આવેલ છે. |
| પૂર્વે | : | માર્જીન બાદ લાગુ એફ.પી. નં.૭૩૩ ની મિલ્કત આવેલ છે. |
| પશ્ચિમે | : | માર્જીન બાદ લાગુ એફ.પી. નં.૭૩૫ ની મિલ્કત આવેલ છે. |

<u>ટાઈટલ ડીડઝ :–</u>

/૧/ સબ–રજી. કચેરીમાં ૩૦ (ત્રીસ) વર્ષનું સર્ચ કર્યા અંગેની પહોંચ નં. ૨૦૨૨૦૨૨૦૧૦૬૫૬,તા.૨૨/૦૪/૨૦૨૨ તથા પહોંચ નં. ૨૦૨૨૦૨૫૦૦૭૭૬૬, તા.૨૨/૦૪/૨૦૨૨ ની નકલ.

/૨/ અનુક્રમ નં.૩૩૮૫, તા.૦૮/૦૪/૨૦૨૨ થી મે. નંદ ઈન્ફ્રાના નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ શ્રી હસુભાઈ મેઘાભાઈ વિરડીયા વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

/૩/ મે. નંદ ઈન્ફ્રાના નામથી ચાલતી ભાગીદારી પેઢીના નામનુ ગામ નમુના નં.૨ ની નકલ.

/૪/ મે. નંદ ઈન્ફ્રાના નામથી ચાલતી ભાગીદારી પેઢીના નામનો સીટી સર્વે હકક ચોકસી ન થયા અંગેનો દાખલો.

/૫/ રાજકોટ મ્યુની. કોર્પોરેશનના બાંધકામ પરવાનગી નં.૨૮૭, તા.૧૯/૦૩/૨૦૨૨, આરંભ પ્રમાણપત્ર તથા મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાનની નકલ.

/૬/ અનુક્રમ નં.૧૪૦૬, તા.૧૭/૦૨/૨૦૨૧ થી મે. નંદ ઈન્ફ્રાના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારી દસ્તાવેજની નકલ તથા રજી. ઓફ ફર્મની નકલ.

/૭/ જીલ્લા કલેકટર સાહેબ, રાજકોટના હુકમ નં.૧૮૧/૦૯/૧૭/૦૯૫/૨૦૨૨, તા. ૨૨/૦૨/૨૦૨૨ ના રોજથી મેળવેલ બીનખેતી હુકમ તથા સનદના દાખલાની નકલ.

/૮/ રાજકોટ મ્યુની. કોર્પોરેશનના વર્ગીકરણ નં.૭૧, તા.૧૯/૦૧/૨૦૨૨ ના રોજ મંજુર થયેલ લે–આઉટ પ્લાન તથા પરવાનગીની નકલ.

/૯/ પ્રમોલગેશનથી ઉતરોતર તમામ નોંધની નકલ.

/૧૦/ આજ દિન સુધીની લીજ ભર્યા અંગેની પહોંચની નકલ.

/૧૧/ ટી.પી. સ્કેચ તથા પુનઃ વહેચણી પત્રક (ફોર્મ એફ) ની નકલ.

/૧૨/ પાર્ટ પ્લાન તથા ઝોન સર્ટીની નકલ.

/૧૩/ હિસ્સા ફોર્મ નં.૪ તથા ખેતી માપણી શીટના દાખલાની નકલ.

/૧૪/ કબજો સોપ્યા અંગેનું રોજકામની નકલ.

/૧૫/ ટીપ્પણની નકલ.

/૧૬/ રાજકોટ શહેરી વિકાસ સતા મંડળ તથા રાજકોટ મ્યુની. કોર્પોરેશનમાં પૈસા ભર્યા અંગેની પહોંચની નકલ.

A. R. GODHANI ADVOCATE

ઉપરોકત ટાઈટલ ડીડઝ તપાસતા જણાય છે કે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના **રૈયા** ગામના ખાતેદાર શ્રી અજાભાઈ રામજીભાઈના નામે કેસ નં. ૫૭૨, તા. ૦૧/૦૮/૧૯૫૪ થી કબજા હકક મળેલ, પરંતુ અજાભાઈ રામજીભાઈ ગુજરી ગયેલ હોય, તેમના દિકરા પોલાભાઈ અજાભાઈ તથા મેઘાભાઈ અજાભાઈ તથા ચકુભાઈ અજાભાઈના નામ દાખલ કરેલ જે અંગે નોંધ નં.૧૪ થી દાખલ કરવામાં આવેલ છે.

ત્યારબાદ રૈયા ગામના મજમુ ખાતેદાર પોલાભાઈ અજાભાઈ, મેઘાભાઈ અજાભાઈ તથા ચકુભાઈ અજાભાઈની મજમુ ખાતાની ખેતીની જમીન તેમણે ઘરમેળે સમજુતી કરી જુદા જુદા નામે ચડાવવા અરજી કરતા નોંધ નં.૧૩૮, તા.૦૧/૧૧/૧૯૬૦ થી દાખલ કરવામાં આવેલ છે.

ત્યારબાદ નવી માપણી મુજબ પટેલ મેઘાભાઈ અજાભાઈએ તેમના ખાતાની જમીનના આંકડા સર્વે ખાતેથી તૈયાર થઈ આવતા માપણી રજીસ્ટરે લખ્યા મુજબ સર્વે નંબર વાર એન્ટ્રી પાડી, જે અંગે નોંધ નં.૪૧૬, તા.૨૧/૦૯/૧૯૬૨ થી દાખલ કરવામાં આવેલ છે.

ત્યારબાદ રૈયા ગામના ખાતેદાર પટેલ મેઘાભાઈ અજાભાઈ તા. ૦૨/૧૦/૧૯૯૪ ના રોજ અવસાન પામતા તેના ખેડુત ખાતા નં. પ૨ માં તેમના વારસદાર મણીબેન મેઘાભાઈ વિગેરે –૧૦ ના નામ દાખલ કરવામાં આવેલ, જે અંગે નોંધ નં.૪૪૪૦, તા.૨૬/૦૫/૧૯૯૪ થી દાખલ કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ ઉપરોકત ખેડવાણ જમીનના કોમ્પુટર ૭/૧૨માં નોંધ નં.૪૪૬૦ આવતી હોય, પરંતુ આ નોંધ રેવન્યુ સર્વે નં.૬૫/૨ ને લાગુ પડતી ન હોય.

ત્યારબાદ રૈયા ગામના ખાતેદાર મણીબેન મેઘાભાઈ વિગેરે –૧૦ ના નામે ખેતી ખાતા નં.૭૩ થી સંયુકત સર્વે નંબરોથી સંયુકત ખાતુ ચાલે છે. તેમાંથી મણીબેન મેઘાભાઈ વિગેરે –૭ સહહિસ્સેદારોએ પોતાની રાજીખુશીથી આ ખાતાની જમીનમાંથી તેમનો હકક હિસ્સો ઉઠાવી લેવા અરજી તથા સોગંદનામાના આધારે નોંધ દાખલ કરવામાં આવેલ છે. જે અંગે નોંધ નં.૬૯૭૬, તા.૨૨/૧૧/૨૦૦૬ થી દાખલ કરવામાં આવેલ છે.

ત્યારબાદ રૈયા ગામના ખાતેદાર ભીખાભાઈ મેઘાભાઈ વિગરે–૩ ના નામે ખેતી ખાતા નં.૭૩ થી સર્વે નં. ૬૩/૨ ની જમીન હેકટર આરે ૦–૩૯–૪૬ ચો.મી. તથા સર્વે નં. ૬૪/૧ ની જમીન હેકટર આરે ૦–૫૬–૬૬ ચો.મી. તથા સર્વે નં. ૬૫/૨ ની જમીન હેકટર આરે ૦–૩૧–૩૬ ચો.મી. તથા સર્વે નં. ૬૬/૩ ની જમીન હેકટર આરે ૦–૫૦–૫૯ ચો.મી. (કુલ જમીન હે.આરે. ૧–૭૮–૦૭ ચો.મી.) વાળુ સંયુકત ખાતુ ચાલે છે. તેમાંથી તેમના સહહિસ્સેદાર પ્રભાબેન મેઘાભાઈએ પોતાની રાજીખુશીથી આ ખાતાની જમીનમાંથી તેમનો હકક હિસ્સો ઉઠાવી લેવા અરજી તથા સોગંદનામાના આધારે નોંધ દાખલ કરવામાં આવેલ, જે અંગે નોંધ નં.૧૧૦૬૬, તા.૨૭/૦૭/૨૦૧૨ થી દાખલ કરવામાં આવેલ છે.

A. R. GODHANI ADVOCATE

ત્યારબાદ રૈયા ગામના ખાતા નંબર – ૭૩ ના ખાતેદાર ખેડુત ભીખાભાઈ મેઘાભાઈ તથા શ્રી હસુભાઈ મેઘાભાઈના રેવન્યુ સર્વે નં.૬૫/૨ ની જમીન હે.આરે. ૦–૩૧–૩૬ માં ટી.પી.સ્કીમ નં.૪(રૈયા) લાગુ થતા, જેના ફાઈનલ પ્લોટ નં. ૭૩૪ થી જમીન ચો.મી.આ.૨૩૪૧–૦૦ ફાળવવામાં આવેલ છે. જે અંગે રૈયા ગામના ૬– હકકપત્રકના નોંધ નં.૧૧૩૧૧, તા.૦૭/૧૦/૨૦૧૩ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ રૈયા ગામના ખાતા નંબર – ૭૩ ના ખાતેદાર ખેડુત ભીખાભાઈ મેઘાભાઈ તથા હસુભાઈ મેઘાભાઈએ ઘરમેળેની સમજુતીથી પોતાની રાજીખુશીથી ભાયુભાગે વહેંચણી કરતા સદરહુ ઉપરોકત રેવન્યુ સર્વે નં.૬૫/૨ ની જમીન ચો.મી.આ.૨૩૪૧–૦૦ જે હસુભાઈ મેઘાભાઈના ભાગે આવેલ, જે અંગે રૈયા ગામના ૬– હકકપત્રકના નોંધ નં.૧૧૩૧૩, તા.૦૭/૧૦/૨૦૧૩ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ રૈયા ગામના ખાતેદાર ખેડુત હસુભાઈ મેઘાભાઈ ના નામે ખેડ ખાતા નંબર – ૧૨૯ થી રેવન્યુ સર્વે નં.૬૫/૨ (૬૫/૨ટી૪એફ૭૩૪પૈકી૧) ની જમીન ચો.મી.આ. ૨૩૪૧–૦૦ માં તેમના સીધી લીટીના વારસદાર તરીકે ગીતાબેન હસુભાઈ વિરડીયા તથા ચાંદની હસુભાઈ વિરડીયા અને પરાગ હસુભાઈ વિરડીયાના નામ હૈયાતીમાં દાખલ કરવામાં આવેલ છે. જે અંગે રૈયા ગામના ૬– હકકપત્રકના નોંધ નં.૧૧૩૯૪, તા.૨૬/૦૨/૨૦૧૪ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ રૈયા–૧ ગામ મામલતદાર કચેરી રાજકોટ શહેર(પશ્ચિમ)ના ઈ–ધરામાં કોમ્પુટરાઈઝડ દફતરમાં દાખલ કરવા નોંધ કરવામાં આવેલ, જે અંગે રૈયા ગામના ૬– હકકપત્રકના નોંધ નં.૧૧૮૮૩, તા.૧૯/૦૨/૨૦૧૬ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ રૈયા ગામના ખાતેદાર ખેડુત હસુભાઈ મેઘાભાઈ વિગેરે–૪ વ્યકિતઓના સંયુકત નામે ખાતા નંબર – ૧૨૯ થી રેવન્યુ સર્વે નં. ૬૫/૨ (૬૫/૨ટી૪એફ૭૩૪ પૈકી૧) ની જમીન ચો.મી.આ.૨૩૪૧–૦૦માંથી તેમના સહહિસ્સેદાર ચાંદની હસુભાઈ વિરડીયા પોતાની રાજીખુશીથી આ ખાતાની જમીનમાંથી તેમનો હકક હિસ્સો ઉઠાવી લેવા અરજી તથા સોગંદનામાના આધારે હકક કમીની નોંધ દાખલ કરવામાં આવેલ, જે અંગે રૈયા ગામના ૬– હકકપત્રકના નોંધ નં.૧૧૯૯૫, તા.૦૪/૧૨/૨૦૨૧ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ મોજેગામ રૈયાના રેવન્યુસર્વેનં.૬૫/૨ (૬૫/૨ટી૪એફ૭૩૪પૈકી૧) સીંગલ યુનીટ ની ખેતીની જમીન ચો.મી.૨૩૪૧–૦૦ ને રહેણાંક હેતુ માટે બિનખેડવાણ કરાવવા માટે હસુભાઈ મેઘાભાઈ વિરડીયા વિગેરેએ રાજકોટ મ્યુની. કોર્પોરેશન માંથી વર્ગીકરણ નં.૭૧, તા.૧૯/૦૧/૨૦૨૨ ના રોજથી નેટ પ્લોટ એરીયા ની જમીન ચો.મી.આ.૨૧૦૬–૭૦ તથા કોમન પ્લોટની જમીન ચો.મી.આ.૨૩૪–૩૦ મળી કુલ જમીન ચો.મી.આ.૨૩૪૧–૦૦ નો લે–આઉટ પ્લાન મંજુર કરાવેલ છે અને મંજુર થયેલ લે–આઉટ પ્લાન મુજબ સદરહુ જમીનને બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૬૫ હેઠળ રાજકોટ જીલ્લા

A. R. GODHANI ADVOCATE

કલેકટર સાહેબની કચેરીમાં ઓનલાઈન અરજી કરતા, જીલ્લા કલેકટર સાહેબ, રાજકોટએ તેમના હુકમ નં.૧૮૧/૦૯/૧૭/૦૯૫/૨૦૨૨, તા.૨૨/૦૨/૨૦૨૨ ના રોજથી બિનખેડવાણ કરી આપેલ છે, જે અંગે રૈયા ગ્રામ પંચાયત કચેરીના ગામ નમુના નં.૨ ના નોંધ નં.૧૨૦૦૪ થી હસુભાઈ મેઘાભાઈ વિરડીયા વિગેરેના સંયુકત માલીકી અને સંપુર્ણ કબજા ભોગવટાની આવેલ, જેમાં અન્ય કોઈનો લાગભાગ, હકક, હિત, હિસ્સો આવેલ નથી. એ રીતે સદરહુ બિનખેડવાણ જમીનનો હરેક પ્રકારે વેચાણ વહીવટ અને વ્યવસ્થા કરવા માટે હસુભાઈ મેઘાભાઈ વિરડીયા વિગેરેને સંપુર્ણ હકક, સતા અને અધિકાર છે.

ત્યારબાદ રૈયાના રેવન્યુ સર્વે નં. ૬૫/૨(૬૫/૨ટી૪એફ૭૩૪ પૈકી૧)સીંગલ યુનીટ ની જમીન ચો.મી.આ. ૨૩૪૧–૦૦ ના બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરી વાળા જમીનના નેટ પ્લોટ એરીયાની જમીન ચો.મી.આ.૨૧૦૬–૭૦ તથા તેને લાગુ કોમન પ્લોટની જમીન ચો.મી.આ.૨૩૪–૩૦ ના બિનખેતી હુકમમાં જણાવેલ શરતો મુજબ મળવાપાત્ર હકકો તથા અધિકારો સહિતની જમીન ઉપર હસુભાઈ મેઘાભાઈ વિરડીયા વિગેરેએ રહેણાંક તેમજ વાણીજય હેતુ માટેની લો–રાઈઝ બિલ્ડીંગ બાંધકામ કરવા માટે રાજકોટ મ્યુની. કોર્પોરેશનમાં અરજી કરતા, રાજકોટ મ્યુની. કોર્પોરેશનએ બાંધકામ પરવાનગી નં.૨૮૭, તા. ૧૯/૦૩/૨૦૨૨ ના રોજ હસુભાઈ મેઘાભાઈ વિરડીયા વિગેરેના નામે પ્લાન મંજુર કરી આપેલ છે. જે બાંધકામ પરવાનગી સાથે મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન (પ્લાન પાસ) સહિતની જમીન હસુભાઈ મેઘાભાઈ વિરડીયા વિગેરેએ રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૩૩૮૫, તા.૦૮/૦૪/૨૦૨૨ થી મે.નંદ ઈન્ફ્રાના નામથી ચાલતી ભાગીદારી પેઢીને વેચાણ આપેલ છે. જે અંગે રૈયા ગામના નમુના નં.૨ના નોંધ નં. .......... થી મે.નંદ ઈન્ફ્રાના નામથી ચાલતી ભાગીદારી પેઢી (પ્રમોટર)ના સ્વતંત્ર કબ્જા, ભોગવટા અને માલીકીની થયેલ છે. જે ભાગીદારી પેઢીનું સબ રજીસ્ટ્રાર કચેરી, રાજકોટ–૪ના અનુક્રમ નં.૧૪૦૬, તા.૧૭/૦૨/૨૦૨૧ થી ભાગીદારી પેઢીના ભાગીદારી દસ્તાવેજનું રજીસ્ટ્રેશન કરાવેલ છે અને રજી. ઓફ ફર્મમાં નોંધણી કરાવેલ છે, ત્યારબાદ સદરહુ ભાગીદારી પેઢીમાં આજદિન સુધી કોઈપણ પ્રકારનો ફેરફાર થયેલ નથી.

તે રીતે સદરહુ જમીન ઉપર મે.નંદ ઈન્ફ્રાના નામથી ચાલતી ભાગીદારી પેઢીએ સદરહુ મંજુર થયેલ બિલ્ડીગ પ્લાન મુજબ લો–રાઈઝ બહુમાળી ઈમારતના ટાવર– ૧ થી ૨ એમ મળી કુલ ૨(બે) ટાવરનું બાંધકામ ચાલુ કરેલ છે, અને જે બાંધકામ થનાર રહેણાંક તથા વાણીજય હેતુ માટેની લો–રાઈઝ બહુમાળી ઈમારતના સંકુલને **'નંદ આંગન'** નામ આપવામાં આવેલ છે.

તે રીતે સદરહુ **'નંદ આંગન'** ના નામની મિલકત એટલેકે ફલેટસ તથા દુકાનો જે **મે. નંદ ઈન્ફ્રાના** નામથી ચાલતી ભાગીદારી પેઢીની માલીકીના આવેલ છે, જે ભારતીય ભાગીદારી પેઢી–૧૯૩૨ હેઠળ રજી. અનુક્રમ નં. ૧૪૦૬, તા.૧૭/૦૨/૨૦૨૧ નાં રોજ કરવામાં આવેલ ભાગીદારી દસ્તાવેજનાં આધારે અધિકૃત થયેલ ભાગીદાર શ્રી નિલેશભાઈ મગનભાઈ ઝાલાવડીયાને સદરહુ મિલ્કતનો વહીવટ કરવા સતા અને અધિકાર છે.

A. R. GODHANI ADVOCATE

ઉપરોકત વર્ણનવાળા ઉતરોતર ટાઈટલ ડીડઝ તપાસતા તેમજ સબ રજીસ્ટાર કચેરી, રાજકોટ માં સને ૧૯૯૨ થી ૨૦૨૨ ની સાલની ૩૦–વર્ષની સર્ચ ફી પહોંચ નં. ૨૦૨૨૦૨૨૦૧૦૬૫૬, તા.૨૨/૦૪/૨૦૨૨ તથા પહોંચ નં.૨૦૨૨૦૨૫૦૦૭૭૬૬, તા.૨૨/૦૪/૨૦૨૨ થી ભરેલ છે અને આ મિલ્કત ઉપર કોઈપણ પ્રકારનો બોજો નોંધાયેલ નથી, તેથી ઉતરોતર દસ્તાવેજોના આધારે સ્પષ્ટ માનવાને કારણ છે કે ઉપરોકત મિલ્કતની સ્વતંત્ર માલીકી મે. નંદ ઈન્ફ્રા ભાગીદારી પેઢીની આવેલ છે અને મારા સ્પષ્ટ અભિપ્રાય મુજબ સવાલ વાળી મિલ્કતના ટાઈટલ કલિયર તેમજ કોઈપણ ગીરો બોજા વગરના, વ્યાજબી શંકા રહીત, માર્કેટેબલ અને લોનેબલ છે.

રાજકોટ

તા. ૧૦ /૦૫/૨૦૨૨

A. R. GODHANI ADVOCATE

**અમિત આર. ગોધાણી**

– એડવોકેટ

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સં નં 65/2 ટીપી.4 એફપી.734

Search in : RAIYA-1/RAIYA-1

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૨૦૨૨૦૧૦૬૫૬ | અરજી નંબર | ૭૬૮૪ | અરજી વર્ષ | ૨૦૨૨ |
| તારીખ | ૨૨ | માહે | એપ્રિલ | સને | ૨૦૨૨ |

રજુ કરનારનું નામ અમીત આર.ગોધાણી (એડ.) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

રજીસ્ટ્રેશન ફી..................................................................

નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો..................................

શેરોની નકલ કરવા માટે ફી..............................................

ટપાલ ખર્ચ............................................................................

નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )...........................

શોધ અગર તપાસણી............Year: 1992 1998 ૮૦.૦૦

દંડ કલમ-૨૫..........................................................................

કલમ-૩૪ (કલમ-૫૭ )..............................................................

નકલ ફી ફોલીયો...................................................................

ઈન્ડેક્ષ-૨ ફી ..........................................................................

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT

| | |
|---|---|
| કુલ એકંદરે રૂ. | ૮૦.૦૦ |

અંકે રૂપીયા એંશી પુરા

દસ્તાવેજ

---------- ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

---------------- આવશે.

નકલ

કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

Kashmira V Kapdi
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 1

અંકે રૂ. : 80.00

20211029361092177

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 1

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.નં.65/2 ટી.પી.ન.4 એફ.પી.નં.734

Search in : રૈયા-1 /RAIYA-1

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૨૦૨૫૦૦૭૭૬૬ | અરજી નંબર | ૩૮૭૯ | અરજી વર્ષ | ૨૦૨૨ |
| તારીખ | ૨૨ | માહે | એપ્રિલ | સને | ૨૦૨૨ |

રજુ કરનારનું નામ એ.આર.ગોધાણી (એડ)શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી................................................. | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.................................. | |
| શેરોની નકલ કરવા માટે ફી....................................... | |
| ટપાલ ખર્ચ....................................................... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........................... | |
| શોધ અગર તપાસણી............Year: 1998 2022 | ૨૬૦.૦૦ |
| દંડ કલમ-૨૫.................................................... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )............................................ | |
| નકલ ફી ફોલીયો................................................ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ................................................... | |

| કુલ એકંદરે રૂ. | ૨૬૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા બે સો સાઈઠ પુરા

દસ્તાવેજ __________ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં __________ આવશે.

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

R K JANI
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 4

અંકે રૂ. : 260.00

20220422208796287

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 4